Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Education - ISSN : 2320-0014
Continuous Issue-31 | August – September 2020

# શ્રીમદ્ ભગવદ્ ગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાનયોગનો જ્ઞાન-મીમાંસાત્મક અને મૂલ્ય-મીમાંસાત્મક અભ્યાસ

❖ **સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં શ્રીમદ્ ભગવદગીતાનો અધ્યાય-6 આત્મસંયમ યોગ અને અધ્યાય-7 જ્ઞાનવિજ્ઞાન યોગએ આગવી વિશેષતા ધરાવનાર છે. બંને અધ્યાયમાંથી 72 શ્લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો જેમાં 52 શ્લોકો જ્ઞાનમીમાંસા અને ૨૦ શ્લોકો મૂલ્યમીમાંસાના હતા. અભ્યાસ પદ્ધતિમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ, ગ્રંથાલય અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને તેના દ્વારા જ્ઞાનમીમાંસા અને મૂલ્ય મીમાંસાના ફલિત તારણો તારવવામાં આવ્યા.જેમાં જ્ઞાન પ્રાપ્તિ માટે એકાગ્રતા જરૂરી છે. દેહમાં રહેલા જીવ સનાતન છે, જ્ઞાન વિવેકશીલ અને સ્થિતપજ્ઞ હોય છે. જેવા કારણો જ્ઞાનમીમાંસામાંથી વ્યક્તિગત મૂલ્યો,સામાજિક મૂલ્યો,નૈતિક મૂલ્યો તેમજ આધ્યાત્મિક મૂલ્યો જેવા મૂલ્યોનું મૂલ્ય મીમાંસામાંથી ફલિત થાય છે.

❖ **પ્રસ્તાવના** :

શ્રીમદ્ ભગવદગીતા એ માનવજીવનનો આદર્શ અને પવિત્ર ગ્રંથ છે તેમાં પણ અધ્યાય 6 આત્મસંયમ યોગ અને અધ્યાય 7 જ્ઞાનવિજ્ઞાન યોગ એ આગવી વિશેષતા ધરાવનાર છે.આ બંને અધ્યાયો સારા નસરા પ્રસંગે બોલવામાં કે પારાયણ કરવામાં આવે છે. તે માનવ જીવનને નિરંતર શાશ્વત જીવનનો દ્રષ્ટિકોણ આપે છે .તેમાં પુરુષમાંથી પુરુષોત્તમ બનાવવાના જ્ઞાન  અને મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે માટે, સંશોધકે બંને અધ્યાયો માંથી "જ્ઞાનમીમાંસા" અને મૂલ્યમીમાંસાનો અભ્યાસ હાથ ધર્યો છે

❖ **અભ્યાસના હેતુઓ** :

1.શ્રીમદ્ ભગવદગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાન યોગનો જ્ઞાન સબંધિત  અભ્યાસ કરવો.
2.શ્રીમદ્ ભગવદગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાન યોગનો મૂલ્ય સબંધિત  અભ્યાસ કરવો.
3.શ્રીમદ્ ભગવદગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાન યોગમાં  સમાવિષ્ટ જ્ઞાનનો નિર્દેશ કરવો.
4.શ્રીમદ્ ભગવદગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાન યોગમાં સમાવિષ્ટ મૂલ્યોનો નિર્દેશ કરતા સાર રૂપતત્વો તારવવા અને મૂલ્યોનો પ્રકાર નક્કી કરવો.
5.શ્રીમદ્ ભગવદ્ ગીતાના આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાન યોગમાં સમાવિષ્ટ મૂલ્યોને તેમના પ્રચલિત પ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરવા.

- ❖ **અભ્યાસના પ્રશ્નો**
- ➢ **જ્ઞાનમીમાંસાને લગતા પ્રશ્નો:>**

  1.જ્ઞાનનો અર્થ શું થાય ?

  2.જ્ઞાનનું પરિણામ શું હોય છે ?

  3.જ્ઞાન પ્રાપ્તિના સ્ત્રોત ક્યા ક્યા છે ?

  4.જ્ઞાન પ્રાપ્તિની રીત શું છે ?
- ➢ **મૂલ્યમીમાંસા ને લગતા પ્રશ્નો**

  1.મૂલ્યનો અર્થ શું થાય ?

  2.મૂલ્યના પ્રકાર કયા કયા છે ?

  3.મૂલ્ય શિક્ષણની પ્રવિધિ શું છે ?
- ❖ **ચાવીરૂપ શબ્દોની પરિભાષા**
- ➢ **જ્ઞાન** :

  ભગવદગોમંડલ મુજબ જાણવું, ઈન્દ્રિયો દ્વારા વસ્તુ અથવા વિષયને સમજવું ,જીવ, જગત અને જગદીશ વિશેનો સાચો ખ્યાલ

  મીમાંસા : મીમાંસા એટલે વિલોચના ,સમલોચના ,કોઈ શાખા કે અભ્યાસ હેઠળના વિષયની તપાસ તેમજ ઝીણવટ પૂર્વક અભ્યાસ
- ➢ **મૂલ્ય** :

  મૂલ્ય એટલે કશુંક ઉપયોગી, " ગુણવત્તા યુક્ત" મહત્વનું મૂલ્ય એ જીવનમાં કંઈક મહત્વનું હોવા વિશેનો વિચાર વ્યક્ત કરે છે.
- ❖ **સંશોધન પદ્ધતિ**

  **પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સ્વરૂપનું છે .જેથી તેને અનુરૂપ પદ્ધતિઓ આ પ્રમાણે છે**

  1. સંશોધકની ભાગીદારીવાળું અવલોકન.
  2. ઊંડાણભરી લાંબી ,મુક્ત જવાબી ,માળખાબદ્ધ ન હોય તેવી મુલાકાત કે ક્ષેત્રકાર્ય.
  3. અંગત દસ્તાવેજો ,કથાઓ અને અધિકૃત નોંધો, સંગ્રહો.
  4. વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ
- ❖ **સંશોધનની મર્યાદાઓ**

  1.તત્વજ્ઞાનની જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસા આ બે શાખાઓના સંદર્ભમાં જ અભ્યાસ કરવામાં આવ્યો હતો .

**2. વિષયવસ્તુ માત્ર બે અધ્યાયો પુરતું જ મર્યાદિત હતું .**

- **વ્યાપવિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે શ્રીમદ ભગવદગીતાના શ્લોકોનો જ્ઞાનમીમાંસા અને મૂલ્ય મીમાંસા સંદર્ભમાં અભ્યાસ કરવાનો હોવાથી વિષયવસ્તું એ વ્યાપવિશ્વ બને છે.18 અધ્યાયોમાંથી આત્મસંયમ યોગ અને જ્ઞાન વિજ્ઞાનયોગના 72 શ્લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.જેમાં 52 શ્લોકો જ્ઞાનમીમાંસા અને 20 શ્લોકો મૂલ્ય મીમાંસાના છે.

- **અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં શ્રીમદ ભગવદગીતાના શ્લોકોના વિષયવસ્તુનો જ્ઞાનમીમાસના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન તજજ્ઞોના અભિપ્રાય પ્રમાણે કરી સ્વરચિત માહિતીની ગોઠવણ કરવામાં આવી હતી.

- **માહિતીનું પૃથક્કરણ**

શ્રીમદ ભગવદગીતામાં સમાવિષ્ટ જ્ઞાન અને મૂલ્યનો અભ્યાસ કરવાનો હોવાથી સૌપ્રથમ શ્લોકોનો અભ્યાસ કર્યો.બાદ શ્લોકોને જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસા એમ બે પ્રકારમાં વહેંચવામાં આવ્યા.જ્ઞાનમીમાંસાના શ્લોકના અભ્યાસ પરથી જ્ઞાન અને તારવેલ જ્ઞાન નિષ્પન્ન કરવામાં આવ્યું ત્યારબાદ અર્થઘટન માટે જે તે શ્લોકમાંથી શું જ્ઞાન ફલિત થાય છે.કયા અધ્યાયના કયા અને કેટલા શ્લોકમાંથી જ્ઞાન નિષ્પન્ન થાય છે .તે દર્શાવી તારણો દર્શાવવામાં આવ્યા .તે જ રીતે મૂલ્ય મીમાંસાના શ્લોકનું વિષયવસ્તુ દર્શાવી સારરૂપ તત્વ મૂલ્ય પ્રકાર અને ફલિત થતા મૂલ્ય દર્શાવ્યા છે.

- સંશોધનના તારણો

- **પ્રસ્તુત અભ્યાસનાં મુખ્ય તારણો નીચે પ્રમાણે છે .**

- **જ્ઞાનમીમાંસાના મુખ્ય તારણો**

  -ઈન્દ્રિય સંયમ જ્ઞાન પ્રાપ્તિ થઈ શકે છે.

  -સંસાર ,ક્ષણભંગુર અને નાશવંત છે.જ્યારે આદિપુરષ પરમેશ્વર શાશ્વત અને અવિનાશી છે

  -જ્ઞાન પ્રાપ્તિ માટે આંતરિક બાહ્ય શુદ્ધતા જરૂરી છે

  -જ્ઞાની વિવેકશીલ એ સ્થિતપ્રજ્ઞ હોય છે.

  -જ્ઞાની હર્ષ- શોક, સુખ- દુઃખ જેવા ઈન્દ્રિયથી પર છે.

- **મૂલ્ય મીમાંસાના મુખ્ય તારણો**

1.વ્યક્તિગત મૂલ્યો સંતોષ ,સંયમ, દૃઢ , નિશ્ચય, નિરપેક્ષતા ,પ્રવિત્રતા, નિપુણતા આત્મગૌરવ જેવા મૂલ્યો જોઈ શકાય છે

2. સામાજિક મૂલ્યો શ્રદ્ધા, સમભાવ, ત્યાગ, વિવેક જેવા મૂલ્યો હોઈ શકે છે

3. નૈતિક મૂલ્યો મિત્રતા ,કરુણતા ,દયા ,નિર્મોહ, નિરંતર અને ક્ષમા જેવા મૂલ્યો જોઈ શકાય છે

4. આધ્યાત્મિકમૂલ્યોતપશ્ચર્યા,પ્રભુપ્રેમ,એકાત્મભાવ ,ત્યાગ ,નિર્મોહી અનાસકતભાવ જેવા મૂલ્યો જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ


I. ચૌધરી,રાયસંગ બી.,ભટ્ટ હિરેન એસ.(૨૦૦૨).શિક્ષણનાસિદ્ધાંતો.સુરત: ન્યુ પોપ્યુલર પ્રકાશન.

II. દવે, કિશોર એસ.(1993). ગીતાતત્વ.(બીજી આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

III. દેસાઈ,કે.જી (1997) સંશોધનપદ્ધતિઓ અને પ્રવિધિઓ ( છઠ્ઠી આવૃત્તિ).અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

IV. જોશી,હરિપ્રસાદ એ.(2000).શૈક્ષણિક તત્વજ્ઞાન.રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

V. શ્રી અરવિંદ (1995).ગીતા નિબંધો.(ત્રીજી આવૃત્તિ). પાંડીચેરી, શ્રી અરવિંદ આશ્રમ.


*******************************************************************************************


**અશોક બી.પ્રજાપતિ**
આસી.પ્રોફેસર
વિદ્યાસાગર બી.એડ.કોલેજ-1
દાણોદરડા

**દિપીકા બી.ડોડીયા**
આસી.પ્રોફેસર
વિદ્યાસાગર બી.એડ.કોલેજ-2
દાણોદરડા


Copyright © 2012 - 2020 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat